# 12. પ્રસંગદીપ

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક-એક વક્યોમાં ઉત્તર લખો :

**1) આજે સંસ્થા-શાળાઓમાં કયા કયા દિવસોની ઉજવણી કરવામાં આવે છે ?.**

- આજે સંસ્થા-શાળાઓમાં સફાઈદિન, સ્વાવલંબનદિન, વિનયસિન, સ્વયંશિક્ષણ્દિન વગેરે દિવસોની ઉજવણી કરવામાં આવે છે

**2) દક્ષિણામૂર્તીના વિદ્યાર્થીઓ કયા ઉજવણી કરવા થનગની રહ્યા હતા.?**

- દક્ષિણામૂર્તીના વિદ્યાર્થીઓ તોફાનદિનની ઉજવણી કરવા થનગની રહ્યા હતા.

**3) સંસ્થા ચલાવવા બાતે વિદ્યાર્થીઓની વાતનો નાનાભાઈએ શો પ્રત્યુત્તર આપ્યો ?**

- સંસ્થા ચલાવવા બાબતે વિદ્યાર્થીઓની વાતનો પ્રત્યુત્તર આપતા નાનાભાઈએ કયું કે વિદ્યાર્થીઓ સંસ્થા ચલાવે એ સારી વાત છે. કાલે વિદ્યાર્થીઓ ઑફિસમાં તેમને મળવા આવે અને સૌ સાથે માળી બધી વિચારણા – ગોઠવણ કરી લઈએ.

**4) સંસ્થા ચલાવવા તૈયાર વિદ્યાર્થીઓએ અંતે શું કર્યું ?**

- સંસ્થા ચલાવવા તૈયાર વિદ્યાર્થીઓ અંતે નાનાભાઈની નજર ચુકાવીને ઑફિસ બહાર નીકળી ગયા.

### 2. નીચેના પ્રશ્નોના બે - ત્રણ વક્યોમાં ઉત્તર લખો :

**1) તોફાનદિનની ઉજવણી કરવાની હ કલા પછી નાનાભાઈએ પ્રથમ શું કર્યું ? શા માટે ?**

- વિદ્યાર્થીઓને તોફાનદિનની ઉજવણી કરવાની હા કહ્યા પછી એ તોફાનદિનનું આયોજન કરવા કહ્યું અને એમાં ચોરની ભેગો ઘરધણી ભળી જવાના ઢોંગ કરતાં હોય એવી અદાથી નાનાભાઈએ એ તોફાનદિનમાં જોડાવાની પોતાની ઈચ્છા દર્શાવી. આનું કારણ નાનાભાઈની ઈચ્છા વિદ્યાર્થીઓને

શિસ્તનાં પાઠ શીખવવાની તેમજ તોફાનદિનની ઉજવણીથી બંને પક્ષે થનારા નુકશાન તરફ ધ્યાન દોરવાની હતી.

### 2) તોફાનદિનની આગેવાન મંડળીએ રજુ કરેલી ચિંતાનો નાનાભાઈએ શો ઉત્તર આપ્યો ?

- તોફાનદિનની આગેવાન મંડળીએ રજૂ કરેલી ચિંતાનો નાનાભાઈએ ઉત્તર આપ્યો કે કોઈક વિદ્યાર્થીને નુકશાન થાય એવું તોફાન કરે તો ના કેમ પડાય ? આ તો તોફાનદિન છે. રસોડામાં પણ ગોળ, ખાંડનું નુકશાન તો થશે જ ને ? તોફાનદિન તો બધાને સરખો જ લાગુ પડે.

### 3) સંસ્થામાં કયા કયા વિભાગો ચલાવવાના હોય છે ?

- સંસ્થામાં નિયામક, હિસાબનીશ અને ગૃહપતિ વિભાગ, મકાનબાંધકામ વિભાગ, પ્રકાશન વિભાગ વગેરે ચલાવવાના હોય છે.

### 4) સંસ્થા ચલાવવા માટે પૈસાની વ્યસ્વસ્થા સંદર્ભે નાનાભાઈએ વિદ્યાર્થીઓને શી સલાહ આપી ?

- સંસ્થા ચલાવવા માટે પૈસાની વ્યવસ્થા સંદર્ભે નાનાભાઈએ વિદ્યાર્થીઓને સલાહ આપી કે સરવૈયું અને સિલક તપાસી લેવાનાં. પગારની તારીખ નજીક આવે ત્યારે પૈસા છે કે નહિ તે જાણી લેવાનું. પગાર માટે તેમજ સંસ્થાનાં બીજાં કામો માટે ખૂટતી રકમ ક્યાંથી મેળવવી તે વિચારી લેવું અર્થાત પૈસાની વ્યવસ્થા કરવી.

## 3. સવિસ્તર ઉત્તર લખો :

### 1) તોફાનદિનની ઉજવણી અને સંસ્થા ચલાવવાની કામગીરીનો વિચાર આખરે વિદ્યાર્થીઓએ જ શા માટે બંધ રાખ્યો ?

- તોફાનદિનની ઉજવણીમાં વિદ્યાર્થીઓ રસોડામાંથી દહીં-ખાંડ ખાવાં, કઠોરમાંથી ઘી-ગોળ ખાવાં જેવાં તોફાન કરવા ઈચ્છતા હતા. તેથી સંસ્થાને ઘણુ નુકશાન થાય તેમ હતું. નાનાભાઈ એમની ઉજવણીમાં જોડાયા હતા એટલે એમણે કેટેલાક વિદ્યાર્થીઓને પ્રવીણની બેગમાં પડેલા નવા સૂટને કાતરથી કાપવું, બાબરી પાડવાના શોખીન ગિરીશના વાળ પર રાત્રે કાતર ચલાવવી, મહેંદ્રનું ટાંકું તોડી તેમાં વ્યવસ્થિત મૂકેલી સામગ્રી વેરવિખેર કરી નાંખવી જેવા તોફાનો કરવા માટે જણાવ્યું, પણ તેમ કરવાથી વિદ્યાર્થીઓને જ નુકશાન થાય તેમ હતું, તોફાનદિન તો બધાને સરખો લાગુ પડે એટલે આવા પ્રકારનો

તોફાનદિન ઉજવવો નહિ એના પર વાદ-વિવાદ થયા. અંતે વિદ્યાર્થીઓએ તોફાનદિનની ઉજવણી કરવાનું બંધ રાખ્યું.

### 2) આ બંને પ્રસંગો દ્વારા નાનાભાઈનો હેતું વિદ્યાર્થીઓને કયો કયો સંદેશ આપવાનો હતો ?

- 'તોફાનદિન – કેળવણીનું ઊર્મીકાવ્ય' અને 'દક્ષિણામૂર્તીના ઉત્તરકુમારો' આ બંને પ્રસંગો દ્વારા નાનાભાઈનો હેતું વિદ્યાર્થીઓને સાચી રાહ દેખાડવાનો હતો. નાના ભાઈ યુવાકેળવળીની એક અદ્દભુત ચાલચાલ્યા અને દેખાડવાનો હતો. નાનાભાઈ યુવાકેળવણીની એક અદ્દભૂત ચાલચાલ્યા અને વિદ્યાર્થીઓએ તોફાનદિનની ઉજવણી નિમિત્તે કેવાં તોફાન કરાય અને કેવાં ન કરાય એના પર એમનું ધ્યાન દોર્યું. દક્ષિણામૂર્તિના ઉત્સાહી વિદ્યાર્થીઓ સ્વયં સંસ્થા ચલાવવા માગતા હતા ત્યારે પણ કાબેલ નાનાભાઈએ સૌપ્રથમ સંસ્થા ચલાવવા માટેની વિરાટ પ્રક્રિયા સમજાવી. એક નિયામક તરીકે પૈસાની વ્યવસ્થા કરવી. પૈસા લાવવાની જવાબદારી ઉપાડવી જેવાં અનેક મુશ્કેલ કામો કરવાં પડે છે તેનો ચિતાર આપ્યો. જે આ બધી ચિંતા કરે શકે તે જ સંસ્થા ચલાવી શકે. એના [અર પ્રકાશ પાથર્યો. આ નિમિત્તે નાનાભાઈ વિદ્યાર્થીઓને એ સંદેશો આપ્યો કે સંસ્થા ચલાવવા કાબેલિયત જોઈએ અને વિદ્યાર્થીઓએ શિસ્ત જાળવવી જોઈએ.